# અમારિ—અહિંસા

અહિંસાનો બોધ સર્વ ધર્મમાં અપાયો છે. હિંદુધર્મ, જૈનધર્મ અને બૌધધર્મ તો અહિંસાને સ્વીકારે છે, એટલું જ નહિ પણ બાઇબલ પણ જણાવે છે Thou shalt not kill "તારે કોઇને મારી નાખવું નહિ." અહિંસા એ કેવળ નિષેધાત્મક નથી, પણ તેનું વિધાયક સ્વરૂપ પણ છે અને તેના વિધાયક અથવા નિશ્ચયાત્મક સ્વરૂપને વિશ્વપ્રેમ કહે છે. આપણે અહિંસાને ચાર વિભાગમાં વ્હેંચી નાખીશું.

સામાન્યહિંસા, સામાજિકહિંસા, ધાર્મિકહિંસા, અને આત્મિકહિંસા. સામાન્ય રીતે કોઇપણ જીવનો ઘાત કરવો, તેને પ્રાણથી છૂટો કરવો તે હિંસા ગણાય છે. ખોરાકનિમિત્તે, ક્રીડાનિમિત્તે, શિકારનિમિત્તે, મનુષ્યો પશુઓની હિંસા કરે છે. શરીરથી મનુષ્યો જે હિંસાદ્વારા પાપ કરે છે, તેના કરતાં વચનોથી વધારે પાપ કરે છે. જીભનાં પાપ શરીરનાં પાપ જેવાં સ્પષ્ટ દેખાય નહિ. પણ તલવારના ઘા કરતાં વચનનો ઘા ઘણો વિશેષ કારી હોય છે. પરનિંદા સાંભળવામાં તથા કરવામાં આપણને રસ પડે છે. જ્યારે કોઈના સંબંધી નિંદાની વાત અથવા ઘસાતું વચન આપણે સાંભળીએ ત્યારે આપણે બેધડક કહેવું કે "કદાચ એ વાત સાચી ન પણ હોય અને હોય તો પણ તે વિષે બોલીને તેને વધારવી એ દયાભર્યું નથી—એ હિંસા છે."

કોઈએ મૂર્ખતા કરી. પણ તેની વાત કરીને બીજાને કહેવામાં આપણે પણ મૂર્ખ ઠરીએ છીએ. એક કવિએ કહ્યું છે કે:

પરાઈ મૂર્ખતા કાજે, મુખે ના ઝેર તું લેજે.

આપણે આપણાં કાર્યો તથા વચનો વાસ્તે જવાબદાર છીએ, તેના કરતાં પણ આપણા વિચારો વાસ્તે વધારે જવાબદાર છીએ. કાર્યો અને વચનોની અસર પરિમિત છે, પણ આપણા વિચારો સૂક્ષ્મ હોવાથી ઘણે દૂર સુધી પહોંચે છે. અને વાતાવરણને કાંતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બગાડે છે કે સુધારે છે. પ્રસન્નચંદ્ર રાજાષનું દષ્ટાંત જૈન આલમને સુવિદિત છે. તેમણે પોતાના જ વિચારવડે દેવગતિને યોગ્ય કર્મ બાંધ્યું, નરકગતિને યોગ્ય કર્મ બાંધ્યું અને કેવળી પણ થયા, માટે મનુષ્યના બંધ અને મોક્ષનું કારણ તેના વિચારો છે. વિચાર એ તેના વચનોનો તથા કાર્યોનો પિતા છે. દાન, શીલ, અને તપ એ ત્રણેની મહત્તા તેની પાછળ રહેલા ભાવ–વિચાર ઉપર રહેલી છે. આપણા સમાજમાં પણ અનેક પ્રકારે હિંસા થઈ રહેલી છે. જો કે આપણે કોઈને શસ્ત્રથી મારતા નથી, પણ બાળલગ્ન, કન્યાવિક્રય, વૃદ્ધલગ્ન, એક પત્ની હોવા છતાં બીજું લગ્ન કરવું–આ બધાં રૂઢિનાં શસ્ત્રો છે. તે સમાજના જીવનને, અને સમાજમાં રહેલી વ્યક્તિઓનાં જીવનને કચરી નાખે છે, દાબી રાખે છે, રીબાવી રીબાવીને મારે છે, ને કોઈવાર તો કસાઈના છરા કરતાં પણ ભારે દુઃખ ઉત્પન્ન કરે છે. સમાજમાં રહેલા ક્રૂર રીવાજોને આપણે ફેરવાવીએ નહિ, પણ તે સંબંધી આંખમીચામણાં કરી તે રીવાજોને ચાલવા દઈએ તો આપણે પણ હિંસામાં ભાગ લીધો છે. Inaction in an act of mercy is an act in a deadly sin દયાના કામમાં છતી શક્તિએ ભાગ ન લેવો તે નિર્દયતાના કાર્યમાં ભાગ લીધા સમાન છે.

ધાર્મિકહિંસા, યજ્ઞનિમિત્તે પશુનો વધ કરવો તે ધાર્મિકહિંસાનો એક પ્રકાર છે. બીજા ધર્મોની નિંદા કરવી, બીજા પંથોપર આક્ષેપો કરવા, એ પણ ધાર્મિક હિંસા. ઘણા ખરા ધાર્મિક મનુષ્યો પોતાના સત્યસિદ્ધાંતો પ્રતિપાદન કરવાનું રચનાત્મક કાર્ય કરવાને બદલે બીજા પંથ કે ધર્મના દોષો નિરૂપણ કરવાનું ખંડનાત્મક કાર્ય કરે છે, અને આમ કરવા જતાં સિદ્ધાંતોની ચર્ચા દૂર રાખી જુદા વિચારોને માનનારાઓ ઉપર અંગત આક્ષેપો કરે છે; આ પણ એક પ્રકારની પ્રબલ હિંસા છે. કોઈપણ ધર્મનું અર્ધું વાક્ય કે અર્ધો શ્લોક લઈને, તેનું દૂષણ બતાવવું અને તેનું ખંડન કરવું એ મહાન દોષ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુસ્મૃતિમાં એક શ્લોક છે, તેની પ્રથમની લીંટી આ પ્રમાણે છે

**न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने ।**

માંસભક્ષણમાં, દારૂમાં, અને મૈથુનમાં દોષ નથી–આટલું જો કોઇ વાંચે તો મનુસ્મૃતિ અને તેના લખનાર તથા માનનાર ઉપર તિરસ્કાર પ્રકટે. પણ તે શ્લોકની બીજી લીંટી જણાવે છે કે–

**प्रवृत्तिरेषा भूतानां निवृत्तिस्तु महाफला ॥**

લોકોની ઉપર પ્રમાણે પ્રવૃત્તિ છે. પણ તે ત્રણ દોષોથી મુક્ત થવું તે મહા ફળદાયી છે. માટે અધૂરાં ઉતારાઓ કરી બીજા ધર્મની નિંદા કરવી, કરાવવી તે ધાર્મિક હિંસા છે.

અંત્યજો તરફનું લોકોનું વર્તન એ પણ ધર્મ સંબંધીના અધુરા જ્ઞાનને આભારી છે. સર્વ ભૂત પ્રાણીમાં પ્રભુ રહેલો છે–એમ માનવું, અને તે સાથે અંત્યજમાં રહેલા પ્રભુનો તિરસ્કાર કરવો એ કેમ યોગ્ય ગણાય ? છતાં ધર્મને નામે જ અંત્યજો અત્યાર સુધી કચરાયા છે.

હવે ચોથી અને મહત્ત્વની હિંસા તે આત્મિકહિંસા છે.

જ્યાં રાગ, દ્વેષ અને મોહ છે, ત્યાં આત્માની સ્વાભાવિક સ્થિતિનો નાશ થાય છે.

કોઈ વસ્તુ અથવા મનુષ્ય ઉપર આપણને રાગ થાય, પછી તે વસ્તુની પ્રાપ્તિમાં કોઈ અંતરાય નાંખે, અથવા તે મનુષ્ય પ્રત્યેના આપણા પ્રેમમાં કોઈ ખલેલ નાખે, તો તરત જ દ્વેષ પેદા થાય છે. એટલે વસ્તુતઃ રાગ જ દ્વેષનું કારણ છે. પણ આ રાગ અને દ્વેષનું ખરું કારણ અજ્ઞાન છે. અજ્ઞાનને લીધે મનુષ્ય જે વસ્તુઓ પોતાની નથી તેના પર રાગ ધરે છે, અને તેમાંથી દ્વેષ જન્મે છે. માટે જ્યાં સુધી જીવનની એકતાનું જ્ઞાન ન થાય, ત્યાં સુધી આત્મિક હિંસા સર્વથા નાશ ન પામે. કેવળ અહિંસક મનુષ્ય જ જીવનપ્રેમી બને છે. તેનો પ્રેમ વિશ્વવ્યાપી બને છે, અને તેના વિચારો, વચનો, અને કાર્યો સમગ્ર જગતને આનંદદાતા નીવડે છે.

૨૩–૮–૩૦ **મણિલાલ નથુભાઈ દોશી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org